## ૧૧.૩ જૈન ધર્મના પાંચ દ્રષ્ટાંતો.

# ૧ અરણિક મુનિ

જ્યારે માતા-સાધ્વી કહે છે કે, હે અરણિક ! તું ફરીથી દીક્ષા ગ્રહણ કર. ત્યારે અરણિક જવાબ આપે છે, હે જનની ! સંયમક્રિયાનું પાલન મને દુષકર લાગે છે. નિરંતર ૪૭ દોષરહિત આહાર કરવો. ક્ષણભર પણ પ્રમાદ ન કરવો. નિરતિચારપણે "કરેમિ ભંતે"ની પ્રતિજ્ઞાનું પાલન કરવું. હે માતા, આ બધી સંયમક્રિયા કરવા હું શક્તિમાન નથી. હું મહાપાપી છું. વ્રતનું પાલન મારાથી થઈ શકતું નથી.

આવાં વાક્યો બોલનાર, આવા અશુભ અધ્યવસાયો ધરાવનાર અરણિક અંતે સદ્‌ગતિને પામ્યા અને એ પણ તે જ ભવમાં. સ્વપ્ને પણ માની ન શકાય તેવી આ વાત એક વાસ્તવિક ઘટના બની ગઈ. મોક્ષમાર્ગથી વિમુખ જીવાત્મા આટલો મોક્ષ સન્મુખ બન્યો કઈ રીતે ?

"કારણ કે તે સાધુ હતા."

તગરા નામે નગરી. દત્ત શ્રાવક-ભદ્રા શ્રાવિકા. તેનો પુત્ર અરણિક. અર્હન્મિત્રસૂરિ પાસે સપરિવાર દીક્ષા ગ્રહણ કરી. દત્તમુનિ સુંદર ચારિત્ર પાળે છે પણ પુત્ર ઉપરના વાત્સલ્યથી અરણિક મુનિને ભિક્ષાર્થે મોકલતા નથી. કાળક્રમે દત્તમુનિ સમાધિમરણ પામ્યા. પછી અરણિકને ભિક્ષા લેવા જવાનો અવસર આવ્યો. સુકુમાર મુનિ છે, નાની વય છે, શ્રમ લીધો નથી. તપેલી ધરતીની ધૂળથી પગ દાઝવા લાગ્યા. સૂર્યના કિરણથી  મસ્તક તપી ગયું. તૃષાથી મુખ શોષાવા લાગ્યું. વિશ્રામ માટે કોઈ ગૃહસ્થના ઘરની છાયામાં ઊભા રહ્યા. કામદેવ સમાન આકૃતિવાળા મુનિને જોઈને એક સ્ત્રી કે જેનો પતિ લાંબા સમયથી પરદેશ ગયેલો તેણીએ આ યુવામુનિથી આકર્ષાઈને મુનિને પોતાના ઘરમાં બોલાવ્યા. સુંદર આહાર, વિકારયુક્ત ચેષ્ટા અને વાણીથી મુનિને વ્રત-ભંગ કરવા ઉત્સુક બનાવ્યા.

અરણિક મુનિ પણ સાધુપણું ભૂલી ત્યાં જ રહી ગયા. ઉપાશ્રયે અરણિક મુનિ ન આવતા બધે જ તપાસ કરીને તેમનાં માતા-સાધ્વીને નિવેદન કર્યું. માતા-સાધ્વી આ વૃત્તાંતથી પાગલ જેવાં બની ગયાં. ભ્રમિત ચિત્તવાળા સાધ્વી સર્વે સ્થાને "અરણિક-અરણિક"ની બૂમો પાડતા ગદ્‌ગદ્ વિલાપ કરે છે. અનેક દિવસોઆરીતેભદ્રાસાધ્વીના પસાર થયા.

એક વખત ગવાક્ષમાં બેઠેલા અરણિકે તેની આ ઉન્મત્ત સ્થિતિ જોઈ, ખૂબ જ દુઃખ અનુભવતો તે માતા-સાધ્વીને પગે પડી ગયો. લજ્જા અને વિનયયુક્ત અરણિકે પૂર્વેના ચારિત્ર-અભ્યાસથી પ્રશસ્ત ધર્માનુરાગ અને અનંતા શુભ અધ્યવસાયથી માતાને સર્વે વૃત્તાંત જણાવી ક્ષમા-યાચના કરી. જ્યારે માતાએ પુનઃ ચારિત્ર લેવા કહ્યું ત્યારે અરણિક જણાવે છે કે, હે માતા ! આ દુષ્કર ચારિત્ર મારાથી પાળી નહીં શકાય. તું કહે તો હું અનશન કરી દઉં.

માતાના વચને વિનયીપુત્રે પુનઃ દીક્ષા લીધી. ગુરુભગવંતની આજ્ઞાપૂર્વક તુરંત જ અનશન માટે તૈયાર થયા. સર્વ સાવધના પચ્ચક્‌ખાણ, પાપની નિંદા, સર્વ પ્રાણી સાથે ક્ષમાપના, ચાર શરણાનું ગ્રહણ કરી ધગધગતી શીલા ઉપર અનશન કરી દીધું. મુહૂર્ત માત્રમાં કાયા ઓગળી ગઈ અને શુભ ધ્યાને આપી દીધી સદ્‌ગતિ.

આવો વૈરાગ્યભાવ- આવું વિનયીપણું, આવું પુરુષકાર પરાક્રમ, આવી તીવ્ર તપશ્ચર્યા એક સુકુમાલ

મુનિને એક રાગી અને સ્ત્રી સંગી જીવમાં આવી ક્યાંથી ? "કારણ કે તે સાધુ હતા."

## ૨. વલ્કલચીરી મુનિ

વલ્કલચીરી જ્યારે વીર પરમાત્માના વંદનાર્થે ગયા ત્યારે પરમાત્મા કહે છે કે, હે વલ્કલચીરી ! તમે કેવળી છો. આ બધા સાધુને વંદન કરવાનું ન હોય- અને વલ્કલચીરી કેવળીની પર્ષદામાં જઈને બેઠા. આ એ જ મનુષ્ય છે, જેનો જન્મ વનમાં થયો છે. જન્મતા જ માતા મૃત્યુ પામી છે. લોકવ્યવહારથી બિલકુલ અજ્ઞાત અને સ્ત્રી-પુરુષના ભેદ સુદ્ધા ન જાણતો એ તરુણાવસ્થાને પામ્યો છે. જન્મથી જ બ્રહ્મચારી છે.

પોતાના પ્રસન્નચંદ્ર રાજન્ કપટથી પોતાના રાજ્યમાં લાવ્યા ત્યાં સુધી લોકસંજ્ઞાથી તદ્દન અનભિજ્ઞ આ બાળકે તાપસ સિવાયનો કોઈ ધર્મ પણ જાણ્યો નથી. બાર વર્ષ સુધી રાજ્યના અને ભોગના સુખમાં પણ પ્રસન્નચંદ્ર રાજાને ત્યાં કદી ધર્મદેશના સાંભળી નથી. તો પણ તે કેવળી થઈ મુક્તિ પામ્યા ! પણ કેમ ? કઈ રીતે બની શકે આ વાત કે ધર્મનો સ્પર્શ પામ્યા વિનાનો, એક પણ શબ્દનું ધર્મશ્રવણ કર્યા સિવાય આ જીવ ધર્મને પાર પામીને કેવળજ્ઞાનરૂપી લબ્ધિ પ્રાપ્ત કરી શકે ?

વાત તો કેટલી નાની શી હતી ! બાર વર્ષે પિતાની યાદ સતાવતાં, વલ્કલચીરી રાજ્ય અને ભોગોને છોડીને વનમાં પિતા પાસે ગયા. ત્યાં પોતાના પૂર્વે સંતાડેલા ઝાડની છાલના વસ્ત્રોને હાથમાં લઈ તેની ધૂળ ખંખેરતા ખંખેરતા કેવળજ્ઞાની થઈ ગયા. જે ધર્મ તેણે જાણ્યો નથી- સાંભળ્યો નથી તેના સાધ્ય ધ્યેયને વરી ગયા. આ અદ્‌ભુત ઘટનાનાં મૂળ હતાં- કારણ કે તે સાધુ હતા.

પૂર્વભવમાં પાળેલ શ્રમણ-ધર્મનું જ્ઞાન થયું. પડિલેહણ અને પ્રમાર્જનાની ક્રિયા યાદ આવી ગઈ. બાર ભાવના સહિત સંસારની અસારતા ચિંતવતા શુકલધ્યાનની ધારા તેજ બની, કર્મોનો ક્ષય થઈ ગયો. આ ભવમાં કદી શ્રમણલિંગરૂપ વસ્ત્રો કે રજોહરણને જોયા વિના જ કેવળ પૂર્વભવના સંસ્કારોએ તેને બનાવી દીધી એક પ્રાગૈતિહાસિક પ્રતિભા.
કારણ ? કારણ કે તે સાધુ હતા.

## ૧૨. જંબૂસ્વામી

જૈન શાસનના જ્યોતિર્ધર અને વિધાયક એવી આ પ્રતિભાની વીર પરમાત્મ્ના શાસનમાં છેલ્લાં કેવળજ્ઞાની તરીકની ઓળખ તો સૌને છે- કે જેમણે લગ્નની પહેલી રાત ભોગ-વિલાસને બદલે દીક્ષાનો ઉપદેશ આપવામાં ગાળી હતી. ૯૯-૯૯ કરોડ સોનૈયાને ઠોકરે મારી, આઠ-આઠ નયનરમ્ય સુંદરીઓને પ્રતિબોધ કરી, ચોરી કરવા આવેલા ચોરોને પણ બોધ પમાડી પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

તેના કરતાંયે મહત્ત્વનું પાસું તો એ હતું કે આ તરફ આઠ આઠ કન્યા સાથેના વિવાહની તૈયારી ચાલે છે અને તે સમયે જંબુકુમારે સુધર્માસ્વામીના ઉપદેશથી સમ્યકત્વ અને શીલવ્રત અંગીકાર કરી લીધાં છે. યૌવન-વય છે, અઢળક સમૃદ્ધિ છે, સ્વરૂપવાન આઠ આઠ કન્યા છે. આ રૂપ, આ સંપત્તિ, આ યૌવન કશું જ તેને ચલાયમાન કરવા સમર્થ બનતું નથી અને શુદ્ધ સમ્યક્ત્વયુક્ત સંયમી અવસ્થા તરફ જ તેનું મન આકુળ-વ્યાકુળ બનેલું છે. ક્યું રહસ્ય છે તેના જીવનમાં કે માનવ-સહજ અર્થત અને કામ તરફ તેને લેશમાત્ર રુચિ નથી; યૌવનનો ઉન્માદ કે રૂપની આક્તિ નથી ? કારણ કે તે સાધુ હતા.

પૂર્વના ભવમાં પણ એ જ રીતે નાગિલા સાથે વિવાહ થયો છે. નાગિલાને આભૂષણ પહેરવાનો અવસર ચાલે છે. અર્ધ-શણગારેલી પત્નીને નીરખવામાં મશગુલ ભવદેવ કેવળ ભ્રાતૃ દાક્ષિણ્યથી જ સાધુ બનેલ છે. બાર વર્ષ સુધી તો દ્રવ્યદીક્ષા જ પાળી છે.

પણ સ્ત્રીથી પ્રતિબોધ પામી, શેષ જીવન સુવિશુદ્ધ ચારિત્રનું પાલન કરીને એ ભવદેવનો જીવ સ્વર્ગદેવતા થઈ અહીં શિવકુમાર બને છે. શિવકુમારના ભવમાં પણ છઠ્ઠ અને પારણે આયંબિલ કરી ભાવ ચારિત્રવાન બન્યો છે. આવા પૂર્વભવના સાધુપણાના સંસ્કાર અને ભાવચારિત્રથી વાસિત આત્મા જો પૂર્વભવમાં પણ પરિણીત સ્ત્રી છોડી દીક્ષા લઈ શક્યો, તો જંબૂકુમારના ભવમાં તો વીર શાસનની પરંપરાના પટ્ટ પ્રભાવક છે તે કેમ સ્ત્રીઓને છોડી દીક્ષિત ન બને ? બને જ - "કારણ કે તે સાધુ હતા."

## ૩. ઈલાચીપુત્ર

લંખીકાર નટની પુત્રીમાં મોહિત થયેલો, તે નટકી સાથે લગ્ન કરવાની તમન્ના ધરાવતો એવો તે ઈલાચીપુત્ર પોતાની સર્વ નટશક્તિને કામે લગાડીને વાંસડા ઉપર નાચી રહ્યો છે. પોતાની નૃત્યકળાથી રાજાને પ્રસન્ન કરીને પુષ્કળ ધન ઉપાર્જન કરી લંખીકાર નટના ચરણે ધરીને ઈલાચીને નટપુત્રીનું કન્યાદાન મેળવવું છે. મોહના તાંડવમાં ફસાયેલ મનોદશાવાળા ઈલાચીની વાંસડા ઉપર જ રાગભાવના વિરાગમાં પલટાઈ. વૈરાગ્યધારાને ભિંજાતા હૃદયે કર્મના પડળો ખેરવવા માંડ્યા અને મોહમગ્ન ઈલાચીએ મોહનીય કર્મના બીજને જ ભસ્મીભૂત કરી દીધું. મોહનીય કર્મનો ક્ષય થતાં જ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાય કર્મોના પણ ભુક્કા કરી દીધા. આકાશમાં નિરાધાર નાચતા એવા ઈલાચીને વાંસડા ઉપર જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. દેવતા અર્પિત સાધુવેશને ધારણ કરેલા ઈલાચી કેવળીનો ધર્મોપદેશ સાંભળતા. રાજાએ પહેલો જ પ્રશ્ન એ કર્યો કે, હે મહાત્મન ! આપના જેવા વૈરાગ્યવાસિત ચિત્તવાળા ઉચ્ચ કોટીના આત્મામાં આવો પ્રગાઢ રાગનો માળો કેમ બંધાયો ?

આપણા ચિત્તમાં પણ આવી જ ચકમક ઝરે કે મોહરાજાના સંપૂર્ણ સામ્રાજ્યમાં દાસની જેમ આળોટતા આ યુવાને, મોહનગરમાં પ્રવેશ કર્યા વિના જ, સમગ્ર મોહનગરને જીતીને મહારાજા પદ કઈ રીતે પ્રાપ્ત કર્યું ? પણ ના ? અહીં જ ભૂલ થાય છે. આ યુવાનનું બચપણ અને યુવાવસ્થાનો આરંભ તમે જાણતા નથી, માટે આ પ્રશ્ન તમારા ચિત્તને ચગડોળે ચઢાવી રહ્યો છે.

ઇભ્ય નામક અતિ સંપત્તિવાન શ્રેષ્ઠીને ધારિણી નામક સ્ત્રીની કુક્ષીમાં આ યુવાને જ્યારે જન્મ ધારણ કર્યો ત્યારે ખૂબ જ સુંદર રૂપ-આકૃતિવાળા આ ઇલાચીપુત્રના સંસ્કરણમાં કોઈ ક્ષતી નહી જ નહીં. યુવાવસ્થાને પામ્યો ત્યારે પણ તે લેશમાત્ર સ્ત્રીજનના મોહમાં ફસાયો ન હતો. તેને કામશાસ્ત્રને બદલે સાધુ પેટે સમ્યક્‌શાસ્ત્રના સ્વાધ્યાયમાં જ રૂચિ હતી. યૌવનનો ઉન્માદ તો તેને સ્પર્શ્યો જ ન હતો.

"ન બને, કદી ન બને" એમ જ આપણે વિચારીશું ને ? પણ આ સત્ય છે, પરમ સત્ય ! આ યુવાન ખરેખર મોહમુક્ત જ હતો. કેમ કે તે પૂર્વભવનો સાધુનો જીવ છે. સાધનાપથ ઉપર ચાલતા દેવલોકની યાત્રા કરીને અહીં ઇલાચી બન્યો છે. તે પૂર્વભવની સાધુતાથી વાસીત બનેલો આત્મા ઇલાચીના શરીરને ધારણ કરીને બેઠો છે. તેનું શરીર યુવાન બન્યું છે, પણ આત્મા તો સાધુનો ધર્મ પામીને સંસ્કારીત છે ને ! પછી તેનું ચિત્ત કઈ રીતે કામાકુળ બને ? ગમે તેમ તોયે તે પૂર્વે સાધુ હતા.

મૂઢમતિ પિતાએ તેને સંસારસાગરમાં નિમજ્જ કરવા જ લુચ્ચાની ટોળકીમાં મૂકેલો અને વસંતઋતુએ ફેલાવેલા મોહસામ્રાજ્યએ તેને પળવાર માટે દાસ બનાવી દીધો; લંખીકાર નટની પુત્રીના મોહમાં મોહિત કરી દીધો. કુસંગતિએ નટપુત્રીના મોહમાં પાગલ આ યુવાને નટપુત્રી સાથેના વિવાહ કરવા માટે જ નટકળાનું શિક્ષણ લીધું. કુશળ નટ બનીને બેનાતટ નગરે મહીપાળ રાજા સમક્ષ વાંસડા ઉપર નૃત્ય આરંભ કર્યું. ક્યારે રાજા રીઝે-દાન આપે-નટકીનો હસ્તમેળાપ થાય ! મોહનો દાસ બનેલ રાજા પણ દેવાંગના સમાન અંતઃપુરને ભૂલી નટકીમાં મોહિત થયો.

પણ, આ તો પૂર્વભવનો સાધુનો જીવ. દૂર કોઈ ગૃહને આંગણે ભિક્ષા માટે પ્રવેશેલો મુનિરાજ, સામે પદ્મિની જેવી સૌંદર્ય સામ્રાજ્ઞી સ્ત્રીને લાડુ વ્હોરાવવા આગ્રહ કરતી અને નીચી નજરે જ ઇન્કાર કરતા મુનિને જોઈને વિચારધારા પલટાઈ. પૂર્વનું સાધુપણું વિજયી બન્યું અને મોહરાજાની નોકરી છોડી દીધી. ભલે પૂર્વભવમાં આ મદનને પ્રાણવલ્લભા મોહિનીનો તીવ્ર મોહ હતો- ભલે તે મોહે આ ભવમાં તે જ મદનરૂપ ઇલાચીને નટપુત્રી બનેલ મોહિનીનો મોહ થયો, તો પણ કેવલી બની મોક્ષે ગયા- "કારણ કે તે સાધુ હતા."

## ૪. આર્દ્રકુમાર મુનિ

વાત તો કેટલી નાની છે- અનાર્યભૂમિમાં જન્મેલ રાજકુમાર આર્દ્રકુમાર ધર્મનો કક્કો પણ જાણતો નથી. છતાં તે જ ભવે સ્વયં બોધ પામી, દીક્ષા ગ્રહણ કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે પણ ગયા.

સાવ નાની-અમથી વાતમાં એક જ તંતુ પકડાય કે જ્યાં ધર્મ નથી, ધર્મગુરુ નથી, ધર્મ સ્થાનક નથી ત્યાં વળી દીક્ષા અને મોક્ષપ્રાપ્તિ સુલભ બને જ કેવી રીતે ? કથાનું જ્ઞાન વિષયવસ્તુ તો એટલું જ કે અભયકુમારે જિનપ્રતિમા મોકલી... આર્દ્રકુમારને તેનું દર્શન કરતા જાતિસ્મરણ જ્ઞાન થયું... પૂર્વભવે કરેલી વ્રતવિરાધના યાદ આવી... સામાયિક નામક કણબીને પૂર્વે પ્રમાદથી વિરાધેલ વ્રત આર્દ્રકુમારના ભવમાં આંખમાં પડેલ કણાની માફક ખૂંચી ગયું... અનાર્યભૂમિથી નીકળી, આર્યભૂમિ એવા લક્ષ્મીપુરે આવી, પુન્યનંદ સૂરિની દેશના સાંભળી... ચારિત્ર ગ્રહણ કર્યું... નિરતિચાર ચારિત્રની પાલના શરૂ કરી.

આ બધું જ જ્ઞાન છે, પણ અજ્ઞાન વિષયવસ્તુ શું છે ? સામાયિક કણબીએ દીર્ઘકાળ વ્રતપાલના કરી છે, સ્વાધ્યાય પણ સુચારુ કર્યો છે અને મૃત્યુ પણ અનશનવ્રત ગ્રહણ કરીને પામ્યો છે. આ જ સામાયિક કણબી પૂર્વભવના વ્રત અને વૈરાગ્યથી વાસિત થઈ- દેવલોકની સફર કરીને આર્દ્રકુમાર બન્યા છે. તેની વ્રતવિરાધનાએ તેને અનાર્યભૂમિ ભલે અર્પી. પણ તે વિરાધના તો પ્રમાદથી થઈ છે. મૂળભૂત તો આ આત્મા વ્રતનો સ્પર્શ પામીને શુદ્ધ બનેલો સુવર્ણ સમાન છે. માટે જ તેનો પૂર્વભવ આ ભવમાં ચારિત્ર અંગીકાર કરવામાં સીડીરૂપ બની ગયો.

દેવતાએ અટકાવ્યો કે, હે આર્દ્રકુમાર ! તમે આ ભવે જ મુક્તિ પામનાર છો. તમારું ભોગકર્મ બાકી છે, હાલ ચારિત્ર ગ્રહણ કરશો નહીં. પણ આ તો વ્રતી-જીવ ! તેનાથી ચારિત્રને વેગળું રાખવાનું બને જ કઈ રીતે ? અરે ! જ્યારે સામાયિક કણબીના ભવની પત્ની બંધુમતીનો જીવ આ ભવમાં શ્રીમતીરૂપે આવ્યો અને થાંભલાને બદલે આર્દ્રકુમાર યતિને કાયોત્સર્ગમાં ઊભેલા ત્યારે થાંભલો જ માની "વર" તરીકે પસંદ કર્યો ત્યારે પણ ફરી વ્રતની વિરાધના ન થાય તે માટે સ્થાન પરાવર્તન કરી અન્યત્ર વિહાર કરી દીધો. બાર-

બાર વર્ષનાં વહાણા વાઈ ગયાં, પણ શ્રીમતી તો તેની જ ઝંખના કરી રહી છે.

પૂર્વભવનાં પતિ-પત્ની છે. એ સ્નેહના તંતુની પકડ મજબૂત બની. દેવતાની વાણી અન્યથા ન થાય. ભોગફળ પણ બાકી છે. પુનઃ સંસારપ્રવેશ પામી આર્દ્રકુમારે શ્રીમતી સાથે જીવન પણ વીતાવ્યું, બાર વર્ષ તે અવસ્થામાં પસાર પણ કર્યા, પરંતુ આત્મા તો પૂર્વના અભ્યાસથી વૈરાગી જ હતો ને !

આર્દ્રકુમાર વિચારે છે કે પૂર્વે તો મનથી જ વ્રતનું ખંડન હતું તો પણ અનાર્યપણું પામ્યો, આ ભવે તો પ્રત્યક્ષ વ્રતખંડન કર્યું છે. હવે તો ચારિત્રને તપરૂપી અગ્નિ વડે જ શુદ્ધ કરું. સંસાર ભાવના એકત્વભાવના આદિ સામે વૈરાગ્યભાવની ધારાએ ચઢેલા મને બળવો કર્યો, ફરી ચારિત્ર વેષને ગ્રહણ કરી લીધો. સંસારના મોહમાં ડૂબેલા આર્દ્રકુમારને મોહનું બંધન ફગાવીને ચારિત્રનો માર્ગ જચી ગયો. પણ કેમ ? "કારણ કે તે સાધુ હતા."

આ જ આર્દ્રકુમારમુનિ ચોર અને તાપસો જેવા અનેકને બોધ પમાડી, પોતે પણ કેવળજ્ઞાની બન્યા. તીવ્ર તપશ્ચર્યાથી મોહકર્મનો સમૂળગો છેદ કરીને જ તેજ ભવે મોક્ષનગરીમાં મહાલતા થયા.

એક વખતનું વ્રતીપણું, એક વખતનું સાધકપણું, એક વખતની તીવ્ર વૈરાગ્ય ભાવનાએ તેને મોક્ષ અપાવી દીધો. "કારણ કે તે સાધુ હતા."

## ૫. અષાઢાભૂતિ મુનિ

અષાઢાભૂતિ રાજા સન્મુખ "રાષ્ટ્રપાળ" નામે નાટક કરવા ગયા. રાષ્ટ્રપાળ નાટક એટલે આબેહૂબ ભરત ચક્રવર્તીનો ચિતાર. અષાઢાભૂતિ એટલી તલ્લીનતા અને કુશળતાપૂર્વક નાટક કરી રહેલા કે લોકો પણ એકાકાર બની ગયાં. નાટકમાં ભરતની છ ખંડની સાધના, ચૌદ રત્ન અને નવ નિધિનું પ્રાગટ્ય, વિજયયાત્રા બધું જ આબેહૂબ ભજવાઈ રહ્યું હતું. છેલ્લું દૃશ્ય છે નાટકનું... અરીસાભવનાં દાખલ થયેલા ભરત ચક્રીની માફક અષાઢાભૂતિ પણ અરીસાભવનમાં અનિત્યભાવના ચિંતવે છે. છેલ્લે કેવળી બનેલા ભરતની માફક અષાઢાભૂતિ પણ ધર્મલાભ કહીને ૫૦૦ રાજકુમાર સાથે ચાલતા થાય છે.

અહીં સુધી તો "રાષ્ટ્રપાળ" નાટક બરાબર ચાલ્યું; પણ અષાઢાભૂતિએ ભવાઈ (નાટક)ને ભવની ભવાઈ ક્યારે સમજી લીધી તે રાજા ન સમજી શક્યો. રાજા અને પ્રજા તો માત્ર નાટક જોતી હતી; પણ અષાઢાભૂતિને વાસ્તવમાં કેવળજ્ઞાન થઈ ગયું- ૫૦૦ રાજકુમાર પણ સાધુ બની ગયા. છતાં પ્રેક્ષકોને મન તો હજી પણ આ નાટક જ હતું.

કઇ ઘટના ઘટી ? નાટકિયાઓએ સંસારને જ નાટક માની લીધું ! ક્યાં વમળો સર્જાયા કે રાગી ચિત્ત વીતરાગી બની ગયું ? ક્યો જાદૂ થયો કે સંપત્તિની પ્રાપ્તિ માટે જ વેશ ભજવનારા સંપત્તિને સર્વથા છોડી નીકળ્યા ?

ના ! એ ઘટના, એ વમળ કે એ જાદૂ ન હતો- એ હતા માત્ર સંસ્કાર. સૂતેલા સંસ્કાર આળસ મરડીને જાગી ઉઠ્યા હતા. "કારણ કે તે સાધુ હતા."

આ એ જ અષાઢાભૂતિ હતા, જે નાટક ભજવતા પહેલાં જ વૈરાગ્યથી વાસિત બન્યા હતા. આ એ જ અષાઢાભૂતિ હતા જે પોતાની બબ્બે સુંદર સ્ત્રીના ત્યાગના નિર્ણય સાથે જ નીકળેલા હતા; નાટક તો એક બહાનું હતું, કેવળ દાક્ષિણ્ય બુદ્ધિથી જ ભજવાયું હતું. અષાઢાભૂતિએ મોક્ષનગરી તરફ કદમ તો પહેલાં

માંડી જ દીધાં હતાં- ‘‘કારણ કે તે સાધુ હતા.’’

રૂપ-પરાવર્તનની વિદ્યા તેને માટે પતનનું નિમિત્ત બની. નહીં તો પૂર્ણ વિનયી અને શુદ્ધ આચાર-પાલનકર્તા સાધુ હતા તે. અષાઢાભૂતિ મુનિ ગોચરી વહોરવા નીકળેલા હતા. વધુ ને વધુ લાડુ વહોરવાના મોહમાં, થોડી થોડી વારે રૂપ બદલીને એક ને એક ઘેર જ ગોચરી માટે આવતા જોઈ તે ઘરના માલિકને થયું કે જો આ સાધુ સંસારમાં પડે તો નાટ્યકળામાં ડંકો વગાડી શકે.

આખર એ દિન આવ્યો. ગુરુ મહારાજની આજ્ઞા લેવા ગયા. જો કે આજ્ઞા તો ચારિત્ર લેવાની હોય, છોડવાની ન હોય. પણ મનમાં વસેલી પેલા ગૃહસ્થ વિશ્વકર્માની બંને પુત્રી અને લાડવાનો સ્વાદ. ગુરુમહારાજને વિનયપૂર્વક વાત કરી પાછા પગે નીકળે છે. ગુરુ તેના આ આજ્ઞાંકિત અને વિનયીપણાને વિચારી ચિંતવે છે કે હજી તેનામાં આ બે ગુણો છે, જે જરૂર તેનું કલ્યાણ કરનારા થશે.

અને ખરેખર ! એવું નિમિત્ત મળી પણ ગયું. સ્ત્રી અને સંસારથી આસક્તિ ખસી ગઈ, પછી તો અનાસક્ત ભાવે કેવળ દાક્ષિણ્ય બુદ્ધિએ જ નાટક કરવા ગયેલા. નાટકની આવક સ્ત્રીઓને અર્પણ કરવી, તેમની આજીવિકા ચાલશે; અને હું દીક્ષા લઈશ એ જ અષાઢાભૂતિની બુદ્ધિ.

પરિણામ... સંયમના માર્ગે વિચરવાના મનસૂબા સાથે નીકળેલા અષાઢાભૂતિ પુનઃ ગુરુચરણે શીશ ઝુકાવીને રજોહરણની યાચના કરે, પ્રવ્રજ્યા ગ્રહણ કરવા વેશ માંગે- તેને બદલે ખુદ દેવતાઓ જ તેના નાટકિયા સાધુ-વેશને વંદન કરી રહ્યા. કેમ કે તે વાસ્તવમાં ચારિત્રની સીમાને સ્પર્શી જઈને કેવળી બની ચૂક્યા હતા. પણ ભટકી ગયેલા મનવાળા મોહાંધ અષાઢાભૂતિ નાટકના તખ્તે કેવળી બન્યા શી રીતે ?
‘‘કારણ કે તે (પૂર્વે) સાધુ હતા.’’